For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દ.ગુજરાતમાં ઠંડી શરૂ, વલસાડમાં 15 ડિગ્રી

નવસારી, ભરૂચ અને નર્મદામાં તાપમાન ગગડીને 16 ડિગ્રી પહોંચી ગયું

સુરત, નવસારી : નવેમ્બરના અંતિમ દિવસો શરુ થઈ ગયા છતાં શિયાળો જામતો ન હતો. જો કે, અચાનક જ દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો દોર શરુ થઈ ગયો છે. દક્ષિણ ગુજરાતના વલસાડમાં તો તાપમાનનો પારો ગગડીને 15 ડિગ્રી સુધી ઉતરી ગયો હતો. આ ઉપરાંત નવસારી, ભરૂચ અને નર્મદામાં પણ તાપમાનનો 16 16 ડિગ્રી સુધી ઉતરી ગયો હતો.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના દૈનિક અહેવાલ પ્રમાણે ૧૮ નવેમ્બરે લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રી હતું, જે ૧૯ નવેમ્બરે ઘટીને ૧૮ ડિગ્રી થયું હતું. ૨૦ નવેમ્બરે તેમાં વધુ બે ડિગ્રીનો ઘટાડો નોંધાતાં તાપમાન ૧૬ ડિગ્રી પર સ્થિર થયું હતું. આ સમયગાળા દરમિયાન દિવસના તાપમાનમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ૧૮ નવેમ્બરે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી હતું, જે ૨૦ નવેમ્બરે ઘટીને ૩૧.૫ ડિગ્રી નોંધાયું

...અનુસંધાન પાના 5 પર

દક્ષિણ ગુજરાતનાં શહેરોનું તાપમાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
નર્મદા	29	16
ભરૂચ	30	16
તાપી	32	18
વલસાડ	32	15

સુરતમાં લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં 3.5 ડિગ્રીનો ઘટાડો

ઉત્તરના પવનો ફુંકાતા સુરતમાં ઠંડીના આગમનની આશા જાગી

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમી અને ઉકળાટભર્યા વાતાવરણ વચ્ચે હવે ઠંડીના આગમનની આશા જાગી છે. ગઈકાલથી પવનની દિશા બદલાઈને ઉત્તર તરફની થતાં વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે વહેલી સવારે ઉત્તર-પૂર્વના ઠંડા પવનો ફૂંકાતાં લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં સાડા ત્રણ ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. લઘુત્તમ તાપમાન 20.1 ડિગ્રી નોંધાતાં વહેલી સવારે ઠંડકનો અહેસાસ થયો હતો.

હવામાનમાં આવેલા આ ફેરફારની અસર મહત્તમ તાપમાન પર પણ જોવા મળી હતી. શહેરનું મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઘટીને 31.6 ડિગ્રી નોંધાયું હતું. આમ, દિવસ અને રાત્રિ બંને સમયના તાપમાનમાં ઘટાડો નોંધાતાં ગરમીમાંથી આંશિક રાહત મળી છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે પવનની ઠંડક અનુભવાઈ રહી છે. હવામાનમાં આવેલા આ પલટા પાછળ પવનની બદલાયેલી દિશાને મહત્ત્વનું કારણ

...અનુસંધાન પાના 5 પર

૧૭ નવેમ્બરે રાજ્ય સરકારે જાહેર કર્યા નવા નિયમો

વાહનો પર જાતિસૂચક લખાણો પર પ્રતિબંધ લદાયો

ઓળખ છતી કરવાની પ્રવૃત્તિ પર હવે કાનૂની નિયંત્રણ

ટુ-વ્હીલરથી માંડીને કાર, બસ અને ટ્રક સુધીનાં ખાનગી વાહનોને નિયમ લાગુ પડશે

ગાંધીનગર : ગુજરાતમાં રસ્તા પર દોડતી કારની પાછળ જાતિનું નામ લખાવીને પોતાની સામાજિક ઓળખનું પ્રદર્શન કરવાની પ્રથા હવે વાહનચાલકોને ભારે પડી શકે છે. કારની પાછળ 'પટેલ', 'ઠાકોર', 'ચૌધરી', 'દરબાર' કે અન્ય જાતિસૂચક શબ્દો લખાવવાની સાથે વાહનો પર જાતિ દર્શાવતા ચિહ્નો, સંકેતો અને લખાણો પ્રદર્શિત કરવા પર રાજ્ય સરકારે પ્રતિબંધાત્મક જોગવાઈ અમલી બનાવી છે. હવે માત્ર કાર જ નહીં, પરંતુ ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, બસ અને ટ્રક સહિત તમામ પ્રકારનાં ખાનગી વાહનોમાં

...અનુસંધાન પાના 5 પર

મુસદ્દા બાદ અંતિમ નિયમો જાહેર

આ સુધારાના મુસદ્દા નિયમો ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને ૩૦ દિવસમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં. નિર્ધારિત સમયગાળામાં કોઈ વાંધો કે સૂચન પ્રાપ્ત ન થતાં સરકારે હવે અંતિમ નિયમો જાહેર કર્યા છે. આ સુધારાથી ખાનગી વાહનો પર જાતિ આધારિત ઓળખના પ્રદર્શન અંગે મોટર વાહન કાયદાના નિયમોમાં સ્પષ્ટતા થઈ છે.

આઈસક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ મુદ્દે 106 સંસ્થામાં તપાસ

58 એકમે ગ્રાહકોની જાણ માટે બોર્ડ લગાવી દીધાં

જ્યારે બાકીનાં 48 એકમને સૂચના અપાઈ

આગામી દિવસોમાં કામગીરી ચાલુ રહેશે

સુરતઃ શહેરમાં ગ્રાહકો અસલી દૂધના આઈસક્રીમ અને વનસ્પતિ તેલમાંથી બનતા ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત સરળતાથી જાણી શકે એ માટે ફૂડ વિભાગ દ્વારા ખાસ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમોએ શહેરના વિવિધ ઝોનમાં આઈસક્રીમનું ઉત્પાદન અને વેચાણ કરતી કુલ 106 સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ સ્થળ તપાસ કરી હતી. તપાસ દરમિયાન સંચાલકોને દુકાનમાં દૂધમાંથી બનાવેલા આઈસક્રીમ અને વેજિટેબલ ઓઈલ તથા સ્કીમ્ડ મિલ્ક પાઉડરમાંથી બનાવેલા ફ્રોઝન ડેઝર્ટ અંગેની સ્પષ્ટ વિગતો દર્શાવતા બોર્ડ લગાવવાની તાકીદ કરવામાં આવી હતી.

ફૂડ વિભાગની આ કામગીરીના પગલે તપાસ કરાયેલા કુલ એકમો પૈકી 58 સંસ્થાએ તાત્કાલિક અસરથી ગ્રાહકોને દેખાય તે રીતે બોર્ડ અને બેનર લગાવી દીધાં છે, જ્યારે બાકી રહેલી 48 સંસ્થાને વહેલી તકે બોર્ડ બનાવીને લગાવી દેવા માટે કડક સૂચના આપવામાં આવી છે. સૌથી વધુ અઠવા ઝોનમાં 19 અને રાંદેર ઝોનમાં 17 સંસ્થામાં ચેકિંગ હાથ ધરાયું હતું. જ્યારે ઉધના ઝોન-બીમાં તપાસ કરાયેલી બંને સંસ્થાએ બોર્ડ લગાવી દીધાં છે. ગ્રાહકોનાં સ્વાસ્થ્ય અને જાગૃતિના હિતમાં આઈસક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટના બોર્ડ લગાવવાની આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ યથાવત રાખવામાં આવશે.

કયા ઝોનમાં કેટલી સંસ્થામાં વિઝિટ કરાઈ

ઝોન	વિઝિટ કરેલી સંસ્થા	બેનર લગાવેલી સંસ્થા	બાકી રહેલી સંસ્થા
સેન્ટ્રલ	10	06	04
રાંદેર	17	09	08
અઠવા	19	11	08
કતારગામ	15	05	10
વરાછા-એ-બી	16	06	10
ઉધના-એ	12	09	03
ઉધના-બી	02	02	00
લિંબાયત	15	10	05
કુલ	106	58	48

Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene





માત્ર 45 મિનિટમાં પાંચ લૂંટ, 16 કલાકમાં પોલીસે બેને ગોળી મારી

પોલીસ જાપ્તામાંથી ભાગવાનો પ્રયાસ અને પોલીસ પર ચપ્પુથી હુમલો કરતાં સ્વબચાવમાં ફાયરિંગ

ક્રાઇમ બ્રાન્ચે પણ સિરિયલ લુંટારુના પગમાં ગોળી ધરબી

સુરતઃ વરાછા, કતારગામ અને મહિધરપુરા વિસ્તારમાં માત્ર 45 મિનિટમાં પાંચ લૂંટ અને હુમલાની ઘટનાઓને અંજામ આપી પોલીસ માટે પડકાર ઊભો કરનારા સિરિયલ લૂંટના બે આરોપીઓને સુરત પોલીસે 24 કલાકમાં જ ગોળી ધરબી છે. એક તરફ લિંબાયત પોલીસના જાપ્તામાંથી છટકવાનો પ્રયાસ કરી પોલીસ કર્મચારી પર ચપ્પુથી જીવલેણ હુમલો કરનાર પરવેઝ મુશરફ અન્સારીને પીઆઈ ડી.ડી. ચૌહાણે સ્વબચાવમાં ગોળી મારી હતી, તો બીજી

...અનુસંધાન પાના 5 પર

છ મહિનામાં ચાર 'ઓપરેશન લંગડા'

સુરત શહેરમાં છ મહિનાના ગાળામાં લિંબાયત પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આરોપીઓ પર ફાયરિંગ કરવાની ચાર ઘટનાઓ બની છે. અગાઉ 8 મે, 2026ના રોજ વરાછાની SBI બેંક લૂંટના ગુનાની તપાસ દરમિયાન ભાગવાનો પ્રયાસ કરનાર આરોપી શુભમ ઠાકુર પર ક્રાઇમ બ્રાન્ચે ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ 11 મેના રોજ લિંબાયતના

...અનુસંધાન પાના 5 પર

લક્ષ્મણના હાફ-એન્કાઉન્ટર બાદ ક્રાઇમ બ્રાન્ચના રૂટ સામે સવાલ

સીરીયલ લૂંટ કેસના આરોપી લક્ષ્મણના હાફ-એન્કાઉન્ટર બાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પસંદ કરાયેલા રૂટને લઈને સવાલો ઊભા થયા છે. ચોકબજાર સ્થિત ક્રાઇમ બ્રાન્ચથી નવી સિવિલ

...અનુસંધાન પાના 5 પર

પોલીસ કર્મચારી પર ચપ્પુથી હુમલો કરતાં પીઆઈએ ગોળી ચલાવી

મળતી માહિતી મુજબ, લિંબાયત પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.ડી. ચૌહાણની આગેવાનીમાં પોલીસની ટીમ રાત્રે પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન નીલગીરી ગ્રાઉન્ડ પાસેથી પસાર થતાં એક શંકાસ્પદ યુવક પોલીસને જોઈ ભાગવા લાગ્યો હતો. પોલીસે તેનો પીછો કરતાં અનાર્મ કોન્સ્ટેબલ અનિલકુમાર અમરસિંહે તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે યુવકે ચપ્પુ કાઢી કોન્સ્ટેબલના પેટના ભાગે હુમલો કરતાં પોલીસ ટીમે તેને ચપ્પુ ફેંકી દેવાની ચેતવણી આપી હતી. જોકે, આરોપી પોલીસ પર હુમલો કરવા ધસી આવતાં પીઆઈ ડી.ડી. ચૌહાણે પ્રથમ હવામાં એક રાઉન્ડ અને ત્યારબાદ સ્વબચાવમાં તેના ડાબા પગમાં ગોળી મારી હતી. તપાસમાં આરોપીની ઓળખ બાઇકચાલક પરવેઝ મુશરફ અંસારી (રહે. સંતોષનગર, મમતા સિનેમા પાસે, લિંબાયત, સુરત) તરીકે થઈ હતી. આ મામલે લિંબાયત પોલીસે હત્યાના પ્રયાસ અને સરકારી ફરજમાં રુકાવટનો વધુ એક ગુનો નોંધ્યો છે.

સિરિયલ લૂંટના આરોપીએ PSIની રિવોલ્વર ઝૂંટવવાનો પ્રયાસ કર્યો

બીજી તરફ, સિરિયલ લૂંટના ગુનામાં સંડોવાયેલા બીજા આરોપી લક્ષ્મણકુમાર ઉર્ફે ગુડ્ડુ દિલીપ યાદવ(ઉ.વ. ૧૯, પાછળ બેસી ચપ્પુ મારનાર - રહે. મમતા સિનેમા પાસે, લીંબાયત, સુરત; મૂળ વતનઃ ફતેપુર હરોલી, નયાબીઘા, અકબરપુર, જિ. પટના, બિહાર) ને ક્રાઇમ બ્રાન્ચે લિંબાયત વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપીને મેડિકલ સારવાર માટે લઈ જવામાં આવતો હતો. તે દરમિયાન અડાજણમાં નહેરુ બ્રિજથી સરદાર બ્રિજ તરફ જતા માર્ગ પર શનિદેવ મંદિર પાસે આવેલા નમસ્તે સર્કલ નજીક આરોપીએ PSI ની રિવોલ્વર ખેંચવાનો અને હુમલો કરવાનો પ્રયત્ન કરતા ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઈ શૈલેષ દુબેએ સ્વબચાવમાં તેના જમણા પગના નીચેના ભાગે ગોળી મારી હતી. લક્ષ્મણના જમણા પગના નીચેના ભાગે અંદાજે બે સેન્ટિમીટર ઊંડો ગોળીનો ઘા થયો છે. તેની સારવાર ચાલી રહી છે.

ટી-શર્ટ પરનું 'વોન્ટેડ' લખાણ હકીકત બન્યું

સીરીયલ લૂંટ કેસમાં ધરપકડ સમયે આરોપી લક્ષ્મણના ટી-શર્ટ પર પિસ્તોલ અને 'વોન્ટેડ'નું ચિત્ર છપાયેલું હતું. સંજોગો એવા સર્જાયા કે ધરપકડના ગણતરીના કલાકોમાં જ પોલીસની ગોળી તેના પગમાં વાગી હતી. ટી-શર્ટ પરનું પિસ્તોલનું ચિત્ર અને 'વોન્ટેડ' લખાણ આ ઘટનાને લઈને ચર્ચાનો વિષય બન્યાં છે.

Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene Crime scene

સાત વર્ષ બાદ સુરતના આંગણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો રોમાંચ

ભારત-ઈંગ્લેન્ડની અંડર-19 મહિલા ટીમની ત્રણ મેચ સુરતમાં રમાશે

1, 3 અને 6 ડિસેમ્બરે લાલભાઈ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત ઈંગ્લેન્ડની મહિલા ટીમ વચ્ચે રોમાંચક મુકાબલો જામશે

સુરતઃ સુરતના ક્રિકેટપ્રેમીઓ માટે સાત વર્ષથી વધુ સમય બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો રોમાંચ માણવાની તક આવી રહી છે. ભારત અને ઈંગ્લેન્ડની અંડર-19 મહિલા ક્રિકેટ ટીમો વચ્ચે પાંચ T20 મેચની શ્રેણીની ત્રણ મેચ સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. BCCI દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 1, 3 અને 6 ડિસેમ્બરે આ મુકાબલા યોજાશે.

ઈંગ્લેન્ડની અંડર-19 મહિલા ટીમ ભારતના પ્રવાસે આવશે અને પાંચ મેચની T20 શ્રેણીનો પ્રારંભ 26 નવેમ્બરથી થશે. શ્રેણીની પ્રથમ બે મેચ 26 અને 28 નવેમ્બરે વડોદરાના કોટંબી સ્થિત બરોડા ક્રિકેટ એસોસિયેશનના સ્ટેડિયમમાં રમાશે. ત્યારબાદ બંને ટીમ સુરત પહોંચશે. અહીં 1 ડિસેમ્બરે ત્રીજી, 3 ડિસેમ્બરે ચોથી અને 6 ડિસેમ્બરે શ્રેણીની પાંચમી તથા અંતિમ T20 મેચ રમાશે.

સુરતમાં છેલ્લે 4 ઓક્ટોબર, 2019ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાઈ હતી. ત્યારથી અત્યાર સુધી સુરતના ક્રિકેટપ્રેમીઓ આંતરરાષ્ટ્રીય સ્તરની મેચની રાહ જોઈ રહ્યા હતા.

હવે લાંબા ગાળા બાદ સતત ત્રણ મેચનું આયોજન થવાથી ક્રિકેટપ્રેમીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને મહિલા ક્રિકેટમાં ઉભરી રહેલી ભારત અને ઈંગ્લેન્ડની યુવા પ્રતિભાઓને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતી જોવાની તક સુરતના ક્રિકેટપ્રેમીઓ માટે વિશેષ આકર્ષણ બની રહેશે.

સુરત, વડોદરામાં રમાનારી ભારત-ઈંગ્લેન્ડ U-19 મેચનું શિડ્યુઅલ

તારીખ	મેચ	સમય	સ્થળ
26 નવેમ્બર	પ્રથમ T20	સાંજે 6 વાગ્યે	વડોદરા
28 નવેમ્બર	બીજી T20	બપોરે 1 વાગ્યે	વડોદરા
1 ડિસેમ્બર	ત્રીજી T20	સાંજે 6 વાગ્યે	સુરત
3 ડિસેમ્બર	ચોથી T20	સાંજે 6 વાગ્યે	સુરત
6 ડિસેમ્બર	પાંચમી T20	બપોરે 1 વાગ્યે	સુરત

॥ બીજી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલિ ॥



સ્વ. વસુમતી ભોગીલાલ બચકાનીવાલા
સ્વ. તા. ૧૨-૧૧-૨૦૨૪ સંવત ૨૦૮૧ કારતક સુદ અગીયારશ

આજે અમારી પ્રિય "માં" ને પ્રભુચરણ પામ્યાને બે વર્ષ પુર્ણ થયા, છતાં તેમનું મોહક બાળ સ્મિત, સ્નેહભર્યો સ્પર્શ અને અવિસ્મરણીય યાદો હૃદયમાં તાજા છે. ખુશ રહી જીવન જીવવાનું અમને શીખવનાર, એમની આર્શીવાદી હાજરી હંમેશા માર્ગદર્શક બની રહે એવી અંતરયામી પ્રાર્થના. પ્રભુ એમની દિવ્ય આત્માને શાંતિ આપે. તમારી પ્રેમભરી યાદમાં, "માં".

લિ. સ્વ. ભોગીલાલ હિરાલાલ બચકાનીવાલા

કમલેશ ભોગીલાલ બચકાનીવાલા | દર્શન ભોગીલાલ બચકાનીવાલા
લીના કમલેશ બચકાનીવાલા | ઘનેશ્વરી દર્શન બચકાનીવાલા
વિનય, નિખીલ | સિધ્ધાંત, રેયાંશ

હરેશ મહાદેવવાલા | સુનિલ કાપડીયા | મુકુંદ જરીવાલા
મીતા હરેશ મહાદેવવાલા | નિલાક્ષી સુનિલ કાપડીયા | પીન્કી મુકુંદ જરીવાલા
ચિંતન-ઝીલ મહાદેવવાલા | દર્શીલ-વંદીતા કાપડીયા | યશરાજ-ગાયત્રી જરીવાલા
કિષ્ણા-અભિષેક વખારીયા | ચિત્રાંગ-કિષ્ણા કાપડીયા | ધ્વનિ-નીરવ ખેની
હિદાન-કાયરા-વાની-જાન્વી

તથા સમસ્ત હિમસન પરિવાર







રાજપૂત દુઃખદ અવસાન-બેસણું

સ્વ. રાયસિંહ શાંતિલાલ ઉર્ફે ભાવસિંહ ચૌહાણ
સ્વ. તા. ૧૬-૧૧-૨૦૨૬
(સોંદામીઠા, તા. ઓલપાડ, હાલ કેનેડા)

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી/દાદાશ્રી રાયસિંહ શાંતિલાલ ઉર્ફે ભાવસિંહ ચૌહાણનું દુઃખદ અવસાન વિદેશમાં કેનેડા મુકામે ભારતીય સમય વિક્રમ સવંત-૨૦૮૩, સાતમને સોમવાર, તા. ૧૬-૧૧-૨૦૨૬ ના રોજ થયેલ છે. સદ્ગતની અંતિમ સંસ્કારવિધિ કેનેડા મુકામે તા. ૧૯-૧૧-૨૦૨૬ ના રોજ સંપન્ન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

-: સદ્ગતનું બેસણું :-
તા. ૨૪-૧૧-૨૦૨૬ ને મંગળવારના રોજ બપોરે ૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

-: સદ્ગતની ઉત્તરક્રિયા :-
તા. ૨૮-૧૧-૨૦૨૬ને શનિવારનાં રોજ સવારે ૯-૦૦ કલાકે રાખવામાં આવેલ છે.
તા.ક. લૌકિક રિવાજ સદંતર બંધ છે.

લિ. શોકાતુર આત્મીય પરિવારજનો
દિપકસિંહ રાયસિંહ ચૌહાણ (પુત્ર) મો.નં. 98251 58609
હિતેન્દ્રસિંહ રાયસિંહ ચૌહાણ (પુત્ર) મો.નં. 99259 10192
ભરતસિંહ ભુપતસિંહ રાઠોડ (જમાઈ સાહેબ)
દિગ્વિજયસિંહ દિપકસિંહ ચૌહાણ (પૌત્ર) | રાજવીરસિંહ દિપકસિંહ ચૌહાણ (પૌત્ર)
હેતરાજસિંહ હિતેન્દ્રસિંહ ચૌહાણ (પૌત્ર) | પૃથ્વીરાજસિંહ ભરતસિંહ રાઠોડ (દોહિત્ર)
તથા સમસ્ત ચૌહાણ પરિવારજનો.
નિવાસ સ્થાન :- મુ.પો. સોંદામીઠા, તા. ઓલપાડ, જી. સુરત.



અનાવિલ અવસાન

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી / સ્વજનશ્રી
ઈન્દ્રજીતભાઈ મોહનલાલ દેસાઈ
નું તા.૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

સદ્ગતની અંતિમયાત્રા
તા.૨૨/૧૧/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે અમારા સંજય ફાર્મ ખાતેના નિવાસસ્થાનેથી નીકળશે.

સદ્ગતનું સંયુક્ત બેસણું
તા.૨૬/૧૧/૨૦૨૬, ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન
શિવ વેનેશિયન કલબ હાઉસ (સંજય ફાર્મ) ખાતે રાખેલ છે.

સ્વ.ઈન્દ્રજીતભાઈ મોહનલાલ દેસાઈ
સ્વ.તા.૨૦/૧૧/૨૦૨૬

લિ. સંગીતાબેન ઈન્દ્રજીતભાઈ દેસાઈ (પત્ની)
શિલ્પા અને શ્વેતલ આઈ. દેસાઈ (સેતુ) | હેમલ અને વિશાલ દેસાઈ
સીમા અને જયેશ પટેલ | વૈશાલી અને ભાર્ગવ દેસાઈ
માનસી અને ગૌરાંગ નાયક | રૂજા અને ઓમકાર દેસાઈ
શિલા અને મહેશભાઈ મોહનલાલ દેસાઈ | પરમ અને રચિના પટેલ
સૂચિતા અને સંજયભાઈ મોહનલાલ દેસાઈ | રીવા અને વત્સલ દેસાઈ
બિંદી અને ભાવિન દેસાઈ | નીર અને રૂચિ દેસાઈ
હિયા, ચુગ, આર્યા, રિશા, આવ્યાન અને શ્રિયાન
તથા સમ્મત મોહનલાલ મણીલાલ દેસાઈ પરિવાર (સંજય ફાર્મ)
:: શ્વસુર પક્ષ ::
સમસ્ત લલ્લુભાઈ પરભુભાઈ નાયક પરિવાર (તાતીથૈયા) હાલ : સુરત

અવસાન,બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ 3000/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦
ગુજરાતમિત્ર



સ્વ. ધનસુખભાઈ
છીમકાભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૧૧/૨૦૨૫

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સજનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું,
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી,
એવા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ. દક્ષાબેન ધનસુખભાઈ પટેલ
વૈભવકુમાર ધનસુખભાઈ પટેલ | હિરલકુમાર ધનસુખભાઈ પટેલ
પ્રજ વૈભવકુમાર પટેલ | એલિસ હિરલકુમાર પટેલ
દિવ્યા વૈભવકુમાર પટેલ તથા સમસ્ત પરિવાર
ગામ: ભિમપોર, બાવડ ફળિયા



સ્વ. નટુભાઈ
ઘુળાભાઈ ચૌહાણ

॥ શ્રદ્ધાંજલિ ॥

સુખથી કદી છલકાયા નહી, દુઃખથી કદી ડર્યા નહી,
જીંદગીનો સમય ઓછો હશે કયાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે કયાં ખબર હતી.
પરમ કૃપાળુ પરમાત્મા
આપના દિવ્ય આત્માને ચીર શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
ધર્મેશભાઈ મગનભાઈ ચૌહાણ (એડવોકેટ)
મહિનભાઈ ડાહ્યાભાઈ ઉમરીગર
ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ
મિત્ર મંડળ, ઉમરા, સુરત.